# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર

**ACCREDITED GRADE "A" BY NAAC (CGPA 3.28)**

## માહિતી અને જનસંપર્ક વિભાગ

**Website : www.ayurveduniversity.edu.in** **Email : pro@ayurveduniversity.com** ફોન : **0288-2556852**

**અખબારી યાદી નં. ૦૯**

**વિષય: "ઈંડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ આયુર્વેદિક ફાર્માસ્યુટિકલ સાયન્સીઝ"સંસ્થાના ૨૨માં સ્થાપના દિનની ઉજવણી અંતર્ગત "આયુર્વેદ ફાર્મસી એજ્યુકેશન સ્કોપ એન્ડ ચેલેન્જીઝ " વેબીનારનું આયોજન**

જામનગરની વિશ્વ વિખ્યાત ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની સુવિખ્યાતઘટક સંસ્થા "ઈંડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ આયુર્વેદિક ફાર્માસ્યુટિકલ સાયન્સીઝ" તેની સ્થાપનાના ૨૨માં વર્ષમાં આગામી તા ૦૧ ઑગષ્ટ, ૨૦૨૦ના રોજ પ્રવેશ કરવા જઈ રહેલ છે. આ દિવસના રોજ સંસ્થા દ્વારા વર્તમાન વૈશ્વિક મહામારીને ધ્યાને લેતા, નવતર રીતે ઓનલાઈન યુ-ટ્યુબ તેમજ ફેસબુકના માધ્યમથી ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે તા.૧ ઑગષ્ટ ૨૦૨૦ના સવારે 09 કલાક થી શરૂ કરી આખા દિવસના ભરચક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેનો ઉદ્ઘાટન સમારોહ પણ ઓનલાઇન જ આયોજિત કરવામાં આવ્યો છે જેમાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રોફેસર વૈદ્ય અનુપ ઠાકર સાહેબની અધ્યક્ષતા તેમજ મુખ્ય અતિથિ શ્રી આચાર્ય દેવવ્રત - રાજ્યપાલ, ગુજરાત, તદુપરાંત અતિથી વિશેષ તરીકે શ્રી શ્રીપદ યેશો નાઈક સાહેબ- મંત્રીશ્રી આયુષ મંત્રાલય ભારત સરકાર, પદ્મશ્રી વૈદ્ય રાજેશ કોટેચા સાહેબ - સચિવશ્રી, આયુષ મંત્રાલય ભારત સરકાર, જામનગરના સાંસદ શ્રી પૂનમબેન માડમ, મંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ (હકુભા) જાડેજા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી ના ભુતપૂર્વ કુલપતિશ્રીઓ પ્રોફેસર એમ. એસ. બઘેલ, પ્રોફેસર જી. ડી. ગોહિલ અને વૈદ્ય સંજીવ ઓઝાસાહેબ, પણ જોડાશે. આ પ્રસંગે સાંદિપની આશ્રમ પોરબંદરના પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા પણ ખાસ આશિર્વચનો આપશે આ પ્રસંગમાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના સેનેટ સિન્ડિકેટના સદસ્યો અને વિવિધ વિભાગોના વડાઓ શુભેચ્છા પાઠવશે તે ઉપરાંત સમાજના વિભિન્ન ક્ષેત્રોના અગ્રણીઓ - શ્રી બાલકૃષ્ણ મહારાજ (પતંજલી આયુર્વેદ), શ્રી પી.કે. લહેરી (સેક્રેટરી ટ્રસ્ટી, સોમનાથ ટ્રસ્ટી) તેમજ ભારતની ખ્યાતનામ આયુર્વેદ ફાર્મસીના વડાઓ પણ ઉપસ્થિત રહેશે

આ આયોજનનું વિશેષ આકર્ષણ આયુર્વેદ ફાર્મસી ક્ષેત્રનાં નિષ્ણાતોના વક્તવ્યો છે જેમાં આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિશ્રી વૈદ્ય અનુપ ઠાકર સાહેવ દ્વારા પ્રાસંગિક ઉદ્દબોધન તેમજ મુખ્ય અતિથી શ્રી આચાર્ય દેવવ્રત- રાજ્યપાલ, ગુજરાત રાજ્ય, દ્વારા પ્રાસંગિક શુભાશિષ આપવામાં આવશે કાર્યક્રમમાં વિવિધ વિષયો પર નિષ્ણાંતો દ્વારા ઉદ્દબોધન કરવામાં આવશે જેમાં ડૉ ડી. સી. કટોચ- એડવાઈઝર હેડ, ડ્રગ્ઝ પોલીસી સેક્શન, ડાયરેક્ટર ઈન્ચાર્જ, પી.સી.આઈ.એમ. એન્ડ એસ., ડાયરેક્ટર ઈન્ચાર્જ પી.એલ.આઈ.એમ., મિનિસ્ટ્રી ઑફ આયુષ, ન્યુ દિલ્હી દ્વારા "આયુર્વેદ ફાર્મસી એજ્યુકેશન સ્કોપ એન્ડ ચેલેન્જીઝ રેગ્યુલેટરી વ્યુ" વિષય પર વક્તવ્ય આપવમાં આવશે. ત્યાર બાદ બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલય, વારાણસીના પ્રોફેસર વૈદ્ય આનંદ કુમાર ચૌધરી "આયુર્વેદ ફાર્મસી એજ્યુકેશન સ્કોપ એન્ડ ચેલેન્જીઝ-એકેડેમિક વ્યુ" વિષય પર વિશેષ વક્તવ્ય પ્રસ્તુત કરશે જ્યારે "આયુર્વેદ ફાર્મસી એજ્યુકેશન: સ્કોપ એન્ડ ચેલેન્જીઝ " ઇન્ડસ્ટ્રીયલ વ્યુ" પર શ્રી રણજીત પુરણિક - એમડી. તથા સી.ઈ.ઓ., શ્રી ધૂતપાપેશ્વર લિમીટેડ કંપની - દ્વારા આપવામાં આવશે.

તદુપરાંત બપોર બાદ મહવિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ ઓનલાઈન રજુ કરવામાં આવશે. જેમાં આ સંસ્થાના ભુતપૂર્વ વિદ્યાર્થીઓનું સમ્મેલન પણ ઓનલાઈન યોજાશે.આ કાર્યક્રમ સાંજે ૦૪:૦૦ કલાકે પ્રસારિત થશે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે મુખ્ય આયોજન સમિતિ તેમજ પેટા સમિતિઓ દ્વારા સંસ્થાના આચાર્યશ્રી વૈદ્ય જોબન મોઢા તથા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિશ્રી વૈદ્યઅનુપ ઠાકરના માર્ગદર્શન હેઠળ પુરજોશમાં તૈયારીઓને અંતિમ ઓપ આપી રહેલ છે. આ કાર્યક્રમનું લાઈવપ્રસારણ – https://www.youtube.com/user/IIAPSjam પર કરવામાં આવશે.

---

નં.આયુ/યુનિ/માહિતી/૨/૨૦૨૦-૨૧/૯૪૩ તારીખ: ૩૦/૦૭/૨૦૨૦

**પ્રતિ,**

તંત્રીશ્રી/પ્રેસ પ્રતિનિધિશ્રી,

મહોદયશ્રી,

આપના સુપ્રસિદ્ધ અખબાર/ચેનલમાં જાહેર જનતાના લાભાર્થે બહોળી પ્રસિદ્ધિ મળે તે હેતુથી ઉપર્યુક્ત અખબારીયાદીને પ્રકાશિત કરવા વિનંતી

આભાર સહ

આપનો વિશ્વાસુ

( વૈદ્ય ધનંજય પટેલ )

ઈ.માહિતી અને જનસંપર્ક અધિકારી

<u>નકલ રવાના:</u>

1. સર્વે પ્રેસપ્રતિનિધિશ્રીઓ તરફ....ઇમેઇલ ધ્વારા
2. નાયબ માહિતી નિયામકશ્રી, લાલબંગલો, જામનગર (સમાચાર માધ્યમોને મોકલવાની વિનંતી સાથે)
3. સર્વે વિભાગીય વડાશ્રીઓ તરફ...ઇમેઇલ ધ્વારા (આપના વિભાગમાં નોટીસબોર્ડમાં મૂકવાની વિનંતી સૂચના સાથે)
   (૧) બોટાનિકલ ગાર્ડન
4. પીપીએસ ટુ વીસી, કુલપતિશ્રી કાર્યાલય (વેબસાઇટ પર પ્રસારિત કરવાની સૂચના સાથે)
5. તંત્રીશ્રી ન્યૂઝ લેટર નિયામકશ્રી, આઈ.પી.જી.ટી એન્ડ આર. એ., જામનગર
6. તંત્રીશ્રી ન્યૂઝ ફ્લેશ આચાર્યશ્રી, આઇ.એ.પી.એસ, જામનગર
7. Shri H.P.Jhala,IQAC CO-Ordinator